**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ: ૫-સી, ઝોન-૫,ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫.**
ફોન નં.: (O) ०७૯-२३६०२०००, (F) ०७૯-२३६०२०५४/५५
ઈ-મેલ- gerc@gercin.org, વેબસાઇટ: www.gercin.org

**જાહેર સુનાવણી માટે ની નોટિસ**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે રાજ્યની વીજ કંપનીઓ દ્વારા જી.ઈ.આર.સી (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો, ૨૦૧૬, અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ નું ટ્રુ-અપ, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ARR ની મંજૂરી અને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ પ્રશુલ્ક નિર્ધારણ માટે, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ[GSECL] (૨૧૬૨/૨૦૨૨), ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લીમીટેડ [GETCO] (૨૧૬૩/૨૦૨૨), સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર [SLDC] (૨૧૬૪/૨૦૨૨), દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ [DGVCL] (૨૧૬૬/૨૦૨૨), મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ [MGVCL] (૨૧૬૭/૨૦૨૨), પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ [PGVCL] (૨૧૬૮/૨૦૨૨), ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ [UGVCL] (૨૧૬૫/૨૦૨૨), ટોરેન્ટ પાવર લીમીટેડ- જનરેશન [TPL-G] (૨૧૭૮/૨૦૨૩), ટોરેન્ટ પાવર લીમીટેડ-ડીસ્ટ્રિબ્યુશન (અમદાવાદ) [TPL-D(A)] (૨૧૭૯/૨૦૨૩), ટોરેન્ટ પાવર લીમીટેડ-ડીસ્ટ્રિબ્યુશન (સુરત) TPL-D (S) (૨૧૮૦/૨૦૨૩) અને ટોરેન્ટ પાવર લીમીટેડ- ડીસ્ટ્રિબ્યુશન (દહેજ) TPL-D(D) (૨૧૮૧/૨૦૨૩) દ્વારા દાખલ કરવા આવેલ અરજીઓ પર જાહેર સુનાવણી હાથ ધરવાનું નક્કી કરેલ છે. વીજ કંપનીઓ દ્વારા ઉપરોક્ત અરજીઓ સાથે રસધરાવનાર વ્યકિત પાસેથી પોતાના વાંધા/સૂચનો રજૂ કરવા માટેની જાહેર નોટીસ સમાચાર પત્રોમાં આપવામાં આવેલ છે. ઉપરોક્ત અરજીઓની નોંધણી થયા પછી વીજકંપનીઓ દ્વારા જે વધારાની વિગતો આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે, તેને આયોગની તેમજ વીજ કંપનીઓની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જાહેર સુનાવણી અત્રે દર્શાવેલ સમયસૂચી અનુસાર હાથ ધરવામાં આવશે.

| વીજ કંપનીઓના નામ | જાહેર સુનાવણીની તારીખ |
|---|---|
| GSECL, GETCO and SLDC | ૨૮.૦૨.૨૦૨૩ |
| DGVCL, MGVCL, PGVCL & UGVCL | ૦૧.૦૩.૨૦૨૩ |
| TPL-G, TPL-D (A), TPL-D (S) and TPL-D(D) | ૦૨.૦૩.૨૦૨૩ |

ઉપરોક્ત અરજીઓ માટેની જાહેર સુનવણી ઉપર દર્શાવેલ ટેબલ પ્રમાણે **સવારે ૧૧:૩૦ કલાકે આયોગના** ઉપર દર્શાવેલ સરનામે રાખેલ છે. રસ ધરાવનાર વ્યક્તિઓ જાહેર સુનવણી દરમ્યાન આયોગ સમક્ષ પોતાના પ્રતિભાવ રજુ કરી શકશે.

**ગાંધીનગર** **- સહિ -**

**તા.: ૧૭/૦૨/૨૦૨૩** **સચિવ, જીઈઆરસી**